# સંવેદનશીલ ભીતરનો આલેખ : 'ત્યાં મારું ઘર હતું' | નવનીત જાની

[**'ત્યાં મારું ઘર હતું'** : વીનેશ અંતાણી, આર. આર. શેઠની કંપની, ૨૦૦૭, પૃ. ૬+૧૨૨, કિં. રૂ. ૬૫/-]

સર્જક જ્યારે પોતાના ભીતરની ભોંય સાથે તાદાત્મ્ય સાધે છે ત્યારે એની સંવેદનશીલતાનાં અનેક પડળોને ખૂલવાનો અવકાશ સાંપડે છે. નિજત્વમાં ડૂબકી લગાવતો સર્જક કેટલાંય પાણીદાર મોતીઓની ભેટ લઈને બહાર આવે ત્યારે શબ્દ એની રાહ જોતો હોય છે. શબ્દની નિર્બન્ધતાને આલોકિત કરવા છટપટતી સંવેદના અનેક પ્રકારે સર્જકીય દૃષ્ટિને પડકારતી રહે છે. સામે પક્ષે સર્જક પણ આવી સંવેદનાને શબ્દબદ્ધ કરવા કટિબદ્ધ થાય ત્યારે કેવું સરસ પરિણામ સાંપડે છે એ જોવા વીનેશ અંતાણીના 'ત્યાં મારું ઘર હતું' નિબંધસંગ્રહને જોવો રહ્યો.

ખ્યાત નવલકથાકાર, વાર્તાકારનો, 'પોતપોતાનો વરસાદ', 'ધુમાડાની જેમ' અને 'આત્માની નદીને કાંઠે' પછીનો આ ચોથો નિબંધસંગ્રહ છે. સર્જક આ નિબંધપરિપાકને 'ભીતરે ચાલેલી ખાંખત'નું પરિણામ ગણાવે છે. આ સંગ્રહમાં સમાવિષ્ટ નિબંધોને સર્જકે 'અંદર' (૧૦ નિબંધો), 'બહાર' (૨૦ નિબંધો) અને આખા લેખો પુસ્તકમાં મૂકવા જેવા ન લાગે એને તારવી-ટૂંકાવીને 'આસપાસ' વિભાગમાં મૂક્યા છે.

'અંદર' વિભાગના આત્મલક્ષી નિબંધો 'ત્યાં મારું ઘર હતું', 'અવશેષના ઢગલા પર', 'એક આંખમાં સ્મૃતિ, બીજીમાં સપનું' છવ્વીસ જાન્યુઆરી, બે હજાર એકના દિવસે ગુજરાત-કચ્છમાં થયેલા ભીષણ ભૂકંપ બાદની માનવીય સંવેદનાને વાચા આપે છે. લેખકનું વતન આ ધરતીકંપમાં હતું ન હતું થઈ ગયું છે. જ્યાં લેખકે પોતાના શૈશવનો સમય વિતાવ્યો હતો એ ઘર હવે રહ્યું નથી. બધું બદલાઈ ગયું છે. ખંડેર અવસ્થા ભોગવી રહ્યું છે.

લેખક પોતાના પડીને પાદર થઈ ગયેલા ઘર સાથે પોતાનો શરૂઆતનો સર્જકીય સંબંધ સંભારે છે. જે ઘરમાં લેખકને શબ્દો હાથ લાગ્યા હતા એ ઘર લેખક ભીની નજરે જોઈ રહ્યા છે.

"ધરતીકંપને લીધે એ ઘરને નુકસાન થયું નહોતું. એ ભયાનક આંચકાઓને ખમી ગયું હતું. ત્યાર પછી જ્ઞાતિના સંચાલકોએ બીજાં મકાનો સાથે મારા ઘરને પણ તોડાવી નાખવાનો નિર્ણય લીધો હતો. ધરતીકંપ થયો તેના થોડા મહિના પહેલાં મેં એ ઘર પરનો ભાડવાત તરીકેનો હક્ક છોડી દીધો હતો. ત્યાર પછી જે ઘરમાં હું વસતો હતો એ ઘર મારા મનમાં વસવા લાગ્યું હતું." (પૃ. ૦૪)

જમીન પરના ઘરથી લઈ મનમાંના ઘર સુધીની યાત્રામાં એક દુઃસ્વપ્ન સમી પીડા સમાયેલી છે. લેખકે ભલે ભાડવાત તરીકેનો હક્ક છોડી દીધો, ઘરે લેખક પરનો હક્ક – પોતાના રહેવાસી પરનો હક્ક નથી છોડ્યો. આ એક સૂક્ષ્મ સંવેદનબંધ છે, જે લેખક મિશે સારી માનવજાતને બાંધી રાખે છે.

'અવશેષના ઢગલા પર' નિબંધમાં લેખકનો એક મર્મપ્રશ્ન હર કોઈ સંવેદનશીલ મનુષ્યના હૃદયમાં સળકો ઊભો કરવા સક્ષમ છે. લેખકને પ્રશ્ન થાય છે કે, કચ્છમાં રણ હોવાની પરિસ્થિતિ ઓછી હતી કે છવ્વીસમી જાન્યુઆરી, બે હજાર એકની સવારે વિનાશકારી ભૂકંપ થયો ? આ ભૂકંપના પરિણામે આંખ સામે ખડકાયેલા અનેક અવશેષઢગલા લેખકની મનઃસ્થિતિને ભૂતકાળ અને ભવિષ્યકાળ એવા બે ખંડમાં વહેંચી દે છે. પૂર્વે શું હતું અને ભવિષ્ય કેવું હશે એવા બે અટકળપ્રશ્નો વર્તમાનના એક દર્શન ઉપર લઈ જાય છે, "આજે આપણી સામે જે કંઈ દેખાય છે તે બધું જ છેવટે તો એક ફોટોગ્રાફ રૂપે જ અંત પામવાનું છે." (સુસાન સૉન્ટાગ)

'એક આંખમાં સ્મૃતિ, બીજીમાં સપનું'માં લેખક ભૂજના ભવ્ય ઇતિહાસને સંભારે છે. ગંધ, અવાજ, મકાનવ્યવસ્થા, ગલીઓ, તળાવ, મ્યુઝિયમ, છતેડીઓ, ટાઉનહૉલ, ઈન્દિરાબાઈ ગર્લ્સ સ્કૂલ, સોનીવાડ, વાણિયાવાડ, નાગરચકલોથી ઊભરાતું ભૂજ ધરતીકંપને લીધે ધ્વસ્ત થઈ ગયું છે. ઐતિહાસિક મહેલો – મહાલયોનો ઈ. સ. ૧૮૧૯ના ભૂકંપે ભોગ લીધો હતો. પછી પાછા બેઠા થયેલા ભૂજને ઈ. ૨૦૦૧નો ભૂકંપ ભરખી ગયો. લેખક આમ છતાંય શ્રદ્ધાનો રણકો દર્શાવતાં જણાવે છે, "અમારી એક આંખમાં સ્મૃતિઓ છે, બીજી આંખમાં સપનું છે."

'અતડા પડી જવાની વય'માં ઉંમરના એક નિશ્ચિત પડાવે સાલતી એકલતા વિશે લેખક કહે છે, "આ ઉંમરમાં પ્રવેશેલો માણસ પોતાની સ્મૃતિઓમાં ભટકવા લાગે છે. આ ઉંમરે એ ક્યાંય પાછો વળી શકતો નથી." આ ઉંમરમાં મૃત્યુના વિચાર આવવા લાગે છે અને એક પ્રકારનો ડર સતાવે છે. માણસ ન તો કોઈનામાં પોતાનો આશરો શોધી શકે છે કે ન તો પોતાનામાંથી કોઈ ઉકેલ શોધી શકે છે. લેખકે આ નિબંધમાં વૃદ્ધત્વની સ્થિતિ વિશે સચોટ ચિંતન આપ્યું છે.

'ઝબૂક ઝબૂક થાય એવું સુખ' અને 'પાંચ માઈલના અંતરવાળું સાયુજ્ય'માં લેખક પૂર્વ-પશ્ચિમના દાંપત્યજીવનની વ્યાખ્યા મૂકી આપે છે. 'ઝબૂક ઝબૂક'માં રોજ સાથે ચાલવા જતા વૃદ્ધ દંપતી અને 'પાંચ માઈલના...'માં પોતપોતાના જૂના ઘરમાં અલગ રહેતા દંપતીનું ચિત્ર આપવામાં આવ્યું છે.

'તારલા ઝબૂકવા લાગે છે'માં અમેરિકામાં ચારથી આઠ વર્ષનાં બાળકોને એમની દૃષ્ટિએ 'પ્રેમ' એટલે શું ? એ પૂછવામાં આવતાં, એમની પાસેથી પ્રેમની જુદી જુદી પણ કેવી રસપ્રદ વ્યાખ્યાઓ સાંપડી એનું ચિત્રણ કરવામાં આવ્યું છે. એમાં રેબેકા નામની આઠ વર્ષની બાળકીનો જવાબ કંઈક આવો છે, "મારી દાદીમાને સંધિવા છે અને તે કારણે એ પોતાના નખ જાતે રંગી શકતી નથી. મારા દાદા મારી દાદીના નખ રંગી આપે છે – દાદાને પોતાને સંધિવાનું દરદ છે તે છતાં પણ...!"

સમય બદલાતાં બાળકોની કલ્પનાઓ પણ કેવા જુદાં વાઘાંની અપેક્ષા રાખે છે અને એમની જિજ્ઞાસા પણ પુરાણી બાળવાર્તાઓને ગાંઠતી નથી એની વાત 'હવે ચકકી ચોખા ખાંડતી નથી'માં કરવામાં આવી છે. બાળકોના જિજ્ઞાસારસને સંતોષતી પરંપરિત બાળકથાઓની શી દશા થઈ છે એ વિશે ખેદ પ્રગટ કરતાં લેખક કહે છે, "ક્યાંક દૂર પંચતંત્ર અને હિતોપદેશની ચોપડીઓ રદ્દીવાળા રેકડીમાં નાખીને લઈ જાય છે. મિયાં ફૂસકી ઉદાસ બેઠા છે... કોણ હાતિમતાઈ અને કોણ ટારઝન ? હવેતો સ્પાઇડરમેન અને પોકેમન આવી ગયા છે." બદલાયેલો જમાનો, બદલાયેલું ભણતર, બદલાયેલાં મા-બાપ આપણી ચિરકાલીન બાળવાર્તાઓને ક્યાંક પાછળ છોડીને આગળ ધપી રહ્યાં છે. અને એને કારણે જ કદાચ આજે બાળવાર્તાની પેલી નિરાંત નથી – ખાધું, પીધું ને રાજ કીધું !

લેખકે આ સંગ્રહના અંતે 'આસપાસ' નામનો વિભાગ મૂક્યો છે. જેમાં લેખકે કેટલાક

પ્રસંગો, વિચારોને સારવીને મૂક્યા છે. આકાશવાણીની નોકરી દરમિયાન વિથોણ ગામેથી આવેલો વૃદ્ધ મચ્છુ હોનારતમાં તણાઈ ગયેલા પોતાના પુત્રની શોધ માટે લેખકની મદદ માગે છે. લેખક યેનકેન પ્રકારે રેડિયો દ્વારા એની જાહેરાત કરાવવાની કોશિશ કરે છે. અને છેવટે નિરાશ થઈને પુત્રના મૃત્યુના પાકા સમાચાર મેળવી આકાશવાણીના કોરિડોરમાંથી ચાલ્યા જતા વૃદ્ધનું હૃદયવિદારક ચિત્ર લેખકે આપ્યું છે. આ ઉપરાંત જંગલમાં છોડ-બીજ રોપતો 'આરણ્યક'નો યુગલપ્રસાદ, ઑસ્ટ્રેલિયન પાદરી ગ્રેહામ સ્ટુઅર્ટ સ્ટેઇન્સ અને તેના બે દીકરાઓને જીવતા સળગાવી દેવાની ઘટના, હિન્દીના પ્રખ્યાત સાહિત્યકાર ડૉ. ધર્મવીર ભારતીએ પોતાની ગરીબ અવસ્થામાં 'દેવદાસ' ફિલ્મ જોવાને બદલે એથી ઓછા પૈસામાં ખરીદેલું 'દેવદાસ' પુસ્તક-પ્રસંગ, ઐશ્વર્યા રાયનો ઇન્ટરવ્યૂ-પ્રસંગ, જેમ્સ બ્રેડલીની નવલકથા 'ધ ડીપ ફિલ્મ' વિશે લેખકે રોચક રીતે લખ્યું છે. આ બધા પ્રસંગો સામાન્ય માનવની અસામાન્યતા પ્રગટ કરનાર છે.

આ નિબંધસંગ્રહની લાક્ષણિકતા છે એનું ભાષાકીય લાઘવ અને ચિત્રાત્મકતાયુક્ત શૈલી. લેખક ખૂબ સાદી સરળ ભાષામાં પોતાની સંવેદના પ્રગટ કરી શકે છે. એમાં સચોટતા અને હૃદયસ્પર્શ પમાય છે. સંગ્રહના નિબંધો ટૂંકા હોવા છતાં એના ગહન વૈચારિક પરિમાણને કારણે ભાવકને લાંબા સમય સુધી ચિંતન કરવા માટે પ્રેરશે. લેખકે અનેક દૃષ્ટાંતો, સંદર્ભો, પૂર્વ-પશ્ચિમ સર્જકોનાં અવતરણોથી આ નિબંધોને પ્રમાણભૂતતા આપવાનો પ્રયાસ કર્યો છે. ખાસ કરીને વતન વિશેનાં સ્મરણો રજૂ કરતા નિબંધો અને ભૂકંપ વિશેનાં શબ્દચિત્રો જોતાં આ વાતની ખાતરી થયા વગર રહેતી નથી.

સર્જકની ભીતરની ભોંય કેટલી આર્દ્ર, કેટલી સંવેદનશીલ હોય એ પામવું હોય તો આ નિબંધમાંથી પસાર થવું રહ્યું.